# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે ચાર વિવિધ યોજનાઓને મંજૂરી આપી- ગુજરાતનાં દેવભૂમિ દ્વારકાના ઓખા અને કાનાલુસ ડબલિંગ રેલવેલાઈનને મંજૂરી

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બંધારણ દિવસ નિમિત્તે કહ્યું - બંધારણ રાષ્ટ્રીય ઓળખનો પાયો છે અને રાષ્ટ્રને આગળ વધારવા માટે માર્ગદર્શક માળખું છે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સ્થાનિક ઉડ્ડયન બજારોમાંનું એક છે.

4) વર્ષ 2030માં 100મી રાષ્ટ્રમંડળ રમતનું આયોજન કરવા માટે ગુજરાતના અમદાવાદની પસંદગી.

5) ગુવાહાટીમાં રમાયેલી અંતિમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને 408 રનથી હરાવીને શ્રેણી 2-0થી જીતી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# UNION CABINET DECISION

કેન્દ્રીય મંત્રીમંડળે આજે 7 હજાર 280 કરોડ રૂપિયાના નાણાકીય ખર્ચ સાથે સિન્ટર્ડ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની યોજનાને મંજૂરી આપી છે. આ પ્રકારની પ્રથમ પહેલનો ઉદ્દેશ્ય દેશમાં વાર્ષિક છ હજાર મેટ્રિક ટન સંકલિત રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટિક ઉત્પાદન સ્થાપિત કરવાનો છે. આજે સાંજે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેબિનેટની બેઠક દરમિયાન અન્ય ઘણા નિર્ણયો લેવામાં આવ્યા હતા.

141 કિલોમીટરની દેવભૂમિદ્વારકાના ઓખા અને કાનાલુસ ડબલિંગ રેલવે લાઈન માટે એક હજાર 457 કરોડ રૂપિયાને મંજૂરી અપાઈ છે. આ ડબલિંગ દ્વારકાધીશ મંદિરને સરળ જોડાણ મળશે.

બંને પરિયોજના મહારાષ્ટ્ર અને રાજ્યના ચાર જિલ્લાને આવરી લેશે અને તેનાથી રેલવેના વર્તમાન જોડાણમાં 224 કિલોમીટરનો વધારો થશે. આ બહુવિધ પરિયોજના 585 જેટલા ગામના જોડાણમાં પણ વધારો કરશે.

(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે મંત્રીમંડળે પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાને પણ મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂર્ણ થશે અને તેનો અંદાજિત ખર્ચ આશરે 9 હજાર 857 કરોડ રૂપિયા થશે.

# CONSTITUTION-DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે બંધારણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હોલમાં બંધારણની પ્રસ્તાવના વાંચી. આ પ્રસંગે, રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે બંધારણ રાષ્ટ્રીય ઓળખનો પાયો છે અને રાષ્ટ્રને આગળ વધારવા માટે માર્ગદર્શક માળખું છે. તેમણે ઉમેર્યું હતું કે બંધારણ લોકોની આકાંક્ષાઓને વ્યક્ત કરવા માટે ખૂબ અસરકારક માળખું પૂરું પાડે છે.

(BYTE : PRESIDENT-ON-CONSTITUTION-MAKERS)

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે બંધારણ સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેનારા લાખો દેશવાસીઓના સામૂહિક શાણપણ, બલિદાન અને સપનાઓને મૂર્તિમંત કરે છે. તેમણે કહ્યું કે મહાન વિદ્વાનો, મુસદ્દા સમિતિ અને બંધારણ સભાના સભ્યોએ લાખો ભારતીયોની આશાઓ અને આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે ગહન આંતરદૃષ્ટિ રજૂ કરી.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે બંધારણના માર્ગદર્શન હેઠળ, દેશ સુશાસન અને સામાજિક-આર્થિક વિકાસની પરિવર્તનકારી યાત્રા પર આગળ વધી રહ્યો છે.

(BYTE : OM-BIRLA-LAST-SEVEN-YEARS)

લોકસભાના અધ્યક્ષે, બંધારણ સભાના તમામ સભ્યો સાથે, ભારતીય બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને પણ શ્રદ્ધાંજલિ આપી. આ પ્રસંગે, રાષ્ટ્રપતિએ નવ ભાષાઓમાં બંધારણના અનુવાદિત સંસ્કરણનું વિમોચન કર્યું.

# PM-CONSTITUTION DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણ દિવસ નિમિત્તે રાષ્ટ્રને લખેલા પત્રમાં, 1949 માં બંધારણના ઐતિહાસિક સ્વીકારને યાદ કર્યો. રાષ્ટ્રની પ્રગતિમાં બંધારણની કાયમી ભૂમિકાનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ લખ્યું કે 2015 માં, સરકારે આ પવિત્ર દસ્તાવેજના સન્માનમાં 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે જાહેર કર્યો. પ્રધાનમંત્રીએ નાગરિકોને તેમના કર્તવ્યોને પ્રાથમિકતા આપવા અને મતદાનના અધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને મજબૂત બનાવવા માટે પણ વિનંતી કરી.

પ્રધાનમંત્રીએ બંધારણ દિવસ પર બંધારણના સ્થાપકોને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે સ્થાપકોનું વિઝન દરેક નાગરિકને વિકસિત ભારત બનાવવા માટે પ્રેરણા આપતું રહેશે.

# PM--SAESI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણાના હૈદરાબાદમાં સફ્રાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસીસ ઈન્ડિયા યુનિટનું વિડીયો કોન્ફરન્સ દ્વારા ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સ્થાનિક ઉડ્ડયન બજારોમાંનું એક છે. ભારત માને છે કે દેશમાં રોકાણ કરનારાઓ ફક્ત રોકાણકારો જ નહીં પરંતુ સહ-નિર્માતા પણ છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર તેમને વિકસિત ભારતમાં ભાગીદારો માને છે.

(BYTE : PM-REFORMS)

શ્રી મોદીએ કહ્યું કે સફ્રાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસીસ ઇન્ડિયા યુનિટ આત્મનિર્ભર અને સક્ષમ ભારત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

(BYTE : PM-AVIATION)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM-ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાનો એક લેખ શેર કર્યો છે. આ લેખ બંધારણ સભા દ્વારા ઘડવામાં આવેલા અને લાખો ભારતીયોની આકાંક્ષાઓથી સમૃદ્ધ દેશના બંધારણની સફર પર પ્રકાશ પાડે છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે લોકસભા અધ્યક્ષે 2047 સુધીમાં આત્મનિર્ભર અને આત્મવિશ્વાસથી ભરપૂર વિકસિત ભારત તરીકે ભારતની પ્રગતિ માટે બંધારણ કેવી રીતે આદર્શ માર્ગદર્શક તરીકે કામ કરે છે તે પ્રકાશિત કર્યું.

# NITIN GADKARI INSPECTION

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આજે ગુજરાતનાં પ્રગતિશીલ છ માર્ગીય શામળાજી-મોટાચિલોડા વિભાગનું નિરીક્ષણ કર્યું. તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ – NHAIના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

શ્રી ગડકરીએ હિમ્મતનગર નજીક CH 492 ખાતે મોતિપુરા ફ્લાયઓવર અને માજરા નજીક CH 524 ખાતે વાહન અંડરપાસ VUP જેવા મુખ્ય માળખાનું નિરીક્ષણ કર્યું. સાથે જ ગુણવત્તા, સલામતી અને અમલીકરણની ગતિનું મૂલ્યાંકન કરવા કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. ત્રણ રોડ ઓવરબ્રિજ સિવાય રાજમાર્ગ પરના તમામ માળખા માર્ચ 2026 સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

# COMMONWEALTH AMDAVAD

વર્ષ 2030માં 100મી રાષ્ટ્રમંડળ રમતનું આયોજન કરવા માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. 2010માં નવી દિલ્હીમાં રાષ્ટ્રમંડળ રમત પછી આ ભારતની બીજી રાષ્ટ્રમંડળ રમત હશે. ગ્લાસગોમાં જનરલ એસેમ્બલીમાં 74 રાષ્ટ્રમંડળ દેશોના પ્રતિનિધિઓ દ્વારા આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. અમદાવાદનું વિઝન ગ્લાસગો 2026 ની ગતિ પર આધારિત છે અને ભારતની સાંસ્કૃતિક અને રમતગમતની શક્તિઓનું પ્રદર્શન કરે છે. રાષ્ટ્રમંડળ રમતે જણાવ્યું છે કે 2030 ની આવૃત્તિમાં 15 થી 17 રમતો હશે, જેનો સંપૂર્ણ કાર્યક્રમનું આવતા વર્ષે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ રમતોનો ઉદ્દેશ્ય રાષ્ટ્રમંડળ રમતગમત પરંપરાની સદીની ઉજવણી કરતી વખતે રમતવીરો અને સમુદાયોને એક કરવાનો છે.

# TEST-CRICKET

ગુવાહાટીમાં રમાયેલી બીજી અને અંતિમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને 408 રનથી હરાવીને શ્રેણી 2-0થી જીતી લીધી. 549 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારત રમતના અંતિમ દિવસે 140 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ 54 રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકાના સિમોન હાર્મરે છ વિકેટ લીધી.

દક્ષિણ આફ્રિકાએ ટેસ્ટ મેચમાં ભારતને આટલા મોટા માર્જિનથી હરાવીને નવો રેકોર્ડ બનાવ્યો.

# IFFI

ભારતના 56મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં ગોવાની બે ફિલ્મોના પ્રીમિયરને દર્શકોએ ખૂબ જ પસંદ કર્યા. "વૈમાનિક - ધ પાયલટ" 1960ના દાયકામાં ગોવામાં આવેલા બે ભાઈઓની કરુણ વાર્તા દર્શાવે છે. દિગ્દર્શક નીતિશ પેરિસે આ ફિલ્મને ગોવા તરફથી દુનિયાને લખાયેલો ખુલ્લો પ્રેમ પત્ર ગણાવ્યો. તે હજુ પણ ગોવા સાથે જોડાયેલી લાગણીઓને કેદ કરે છે.

યુવા ફિલ્મ નિર્માતા સોહમ બેન્ડે દ્વારા દિગ્દર્શિત "ઝીરો બલ્બ", ઉભરતી ગોવાની પ્રતિભાને દર્શાવે છે. બેન્ડેએ સામૂહિક સહયોગ દ્વારા ઓછા બજેટની ફિલ્મો બનાવવા અંગે પોતાના વિચારો રજૂ કર્યા.